**<u>ક્રિમીનલ કેસ નં. ૫૪૧૬૩/૨૦૨૦</u>**

**<u>આંક– ૧ હેઠળ હુકમ</u>**

આ કામના ફરીયાદીએ આરોપી સામે ઈ.પી.કો કલમ– ૩૭૯ મુજબની ફરીયાદ કરેલ છે જેમાં આરોપી સામે ચાર્જફ્રેમ કરવામાં આવેલ છે અને ફરીયાદપક્ષે આંક– ૦૫ થી પોતે જુબાની આપેલ છે. જેમાં તેઓએ જણાવેલ વિગત મુજબ બનાવના દિવસે તેઓ જમવા બેઠેલ હતા અને રીક્ષા ની ચોરી થયેલ જે બનાવ ની ફરીયાદ તેઓએ આપેલ હતી જે કામે તેઓ આરોપી ને ઓળખતા નથી. ફરીયાદ પક્ષ એ આંક– ૦૭ થી પુરાવા બંધની પુરશીશ આપેલ છે અને જણાવેલ છે કે આ કામે તેઓ કોઈ વધારાના દસ્તાવેજી પુરાવા કે મૌખિક પુરાવા રજુ કરવા માંગતા નથી ફરીયાદપક્ષ ને પોતાનો મુદામાલ પરત મળેલ નથી. પંરતુ તેઓની જુબાની જોતા કેસની કાર્યવાહી આગળ ચલાવવા માંગતા નથી અને તેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

(૧) આ કામના આરોપી નો ઈ.પી.કો ૩૭૯ મુજબના ગુનાના કામે પુરાવા અભાવે નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદામાલ તેઓની માલીકીની ખરાઈ કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૧/૦૨/૨૦૨૩ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૧/૦૨/૨૦૨૩**
**સ્પે.સીટીંગ,અમદાવાદ.**

**(શ્રી બી.પી મહીડા)**
**કોડ નં.–૦૧૧૨૨**
**એડિ.ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૧, અમદાવાદ.**